# રથયાત્રામાં ૧૨૦૦ કિલો મગ ૧૨૫ કિલો કાકડીનો પ્રસાદ વહેંચાશે

## પ્રસાદ તૈયાર કરવા ભાવિક મહિલાઓની ટીમ કામે લાગી : અઢી કિ.મી.ની યાત્રામાં ૮૫ વાહનો જોડાશે



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૮

અષાઢી બીજના રોજ આગામી ગુરૂવારે નીકળનારી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાને અનુલક્ષી સે. ૨૨ પંચદેવ મંદિર ખાતે ભાવિકો હાલ પૂર્વ તૈયારીમાં વ્યસ્ત છે. સે. ૨૨ પંચદેવ મંદિરથી ૨૧ જૂનના રોજ સવારે ૭ કલાકે પ્રસ્થાન થનારી રથયાત્રા અઢી કિલોમીટર લાંબી રહેશે. જય રણછોડ માખણ ચોરના જયઘોષ સાથે નગરના વિવિધ રૂટ પરથી પસાર થનારી યાત્રામાં ૮૫ જેટલા વિવિધ વાહનો જોડાશે. રથયાત્રાના રૂટ પર ભાવિકોને પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. આ માટે પંચદેવ મંદિર ખાતે ૧૨૦૦ કિલો મગ, ૧૨૫ કિલો કાકડી અને ૮૦ કિલો જાંબુનો પ્રસાદ તૈયાર કરવા ભાવિક મહિલાઓની ટીમ કામે લાગી છે.

શહેરમાં વર્ષ ૧૯૮૫થી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રતિ વર્ષ દબદબાભેર નીકળતી રથયાત્રાને અનુલક્ષી સમિતિ દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. આગામી ગુરૂવારે નીકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં વિવિધ ૧૫ ટેબ્લોઝ સાથે કુલ ૮૫ વાહનો જોડાશે. રથયાત્રાને અનુલક્ષી ભગવાનના રથને પણ શણગારી દેવાયો છે. અઢી કિલોમીટર લાંબી રથયાત્રામાં ૭ ઘોડા, બે કલાત્મક બગી સહિત આકર્ષક ટેબ્લોઝ પણ જોવા મળશે. રથયાત્રાના બે દિવસ પૂર્વે જ્યાંથી યાત્રા પ્રસ્થાન થવાની છે તે પંચદેવ મંદિરમાં પ્રસાદની વ્યવસ્થા માટે ટીમ કામે લાગી છે. પ્રસાદ તૈયાર કરવાનું કામ ભાવિક મહિલાઓ ઉત્સુકતાથી સંભાળી લીધું છે. રથયાત્રા દરમિયાન રથ ખેંચવા સહિતની સેવા પુરી પાડતા સે. ૨૨ પંચદેવ યુક મંડળના ૪૦ જેટલા સ્વયંસેવકો ખડેપગે રહેશે.

# ચ-માર્ગ પર પીક અવર્સમાં ક્રોસ રોડ બંધ કરવા રજૂઆત

## અકસ્માત નિવારવા પીક અવર્સમાં ક્રોસ રોડ પર આડશ મૂકવાનો પ્રયોગ હાથ ધરવા માગ

ગાંધીનગર, તા. ૧૮

ચ-માર્ગ પર પીકઅવર્સ દરમિયાન અકસ્માત નિવારવા ક્રોસ રોડને આડશથી બંધ કરી દેવા જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી છે.

શહેરના મુખ્યમાર્ગ પર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા તેમજ સંભવિત અકસ્માતોને નિવારવા સે. ૨-સીમાં રહેતા મહિલા અધિકારીએ જિલ્લા કલેકટરને રજૂઆત કરી છે. ઉદ્યોગ અને ખાણ વિભાગમાં ફરજ બજાવતા સેકશન અધિકારી ભારતીબેન ભટ્ટે રજૂઆતમાં જણાવ્યા અનુસાર સવારે ૧૦થી ૧૧ અને સાંજે ૬ થી ૭ના સમયગાળામાં ચ-માર્ગ પર ટ્રાફિકનો વિશેષ ધમધમાટ જોવા મળે છે. પીકઅવર્સ દરમિયાન કર્મચારીઓ ઉપરાંત વિદ્યાર્થીઓની અવરજવર પણ વધુ હોવાથી ટ્રાફિક નિયમનની વિશેષ કાળજી કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનોના લીધે કેટલીકવાર જાનલેવા અકસ્માત પણ સર્જાય છે. આવા સંજોગોમાં પીકઅવર્સ દરમિયાન ચ-માર્ગ પર સ્થિત તમામ ક્રોસ રોડ પર આડશ મુકીને બંધ કરી દેવા જોઈએ જ્યારે ક્રોસ રોડ પરથી ટ્રાફીકની અવરજવર રોકવા પોલીસને જવાબદારી સોંપવી જોઈએ. અલબત્ત નાગરિકોને વન-વે ટ્રાફિકની ટેવ પાડી અકસ્માત નિવારવા પ્રયાસ હાથ ધરવા રજૂઆતમાં જણાવાયું છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર એન લલિતકલા એકેડેમીની વિદ્યાર્થીની અને નગરના વેપારી કિરીટભાઈ-જયશ્રીબેન પટેલની દીકરી ધરાંગીનું આરંગેત્રમ્ રવિવારે બપોરે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાયું હતું. કલાગુરુ શકુંતલાબેન ઓઝા દ્વારા તાલીમ પામેલી આ નિષ્ણાત શિષ્યાએ ભરતનાટ્યમ્‌ની ૧૧ જેટલી કૃતિઓ શ્રેષ્ઠ રીતે રજૂ કરીને ભારે સરાહના પ્રાપ્ત કરી હતી.

# ક્રાંતિકારી રાષ્ટ્રસંત મુનિશ્રી તરૂણસાગરજી મહારાજ ગાંધીનગર પધારી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૮

'કડવે વચન'થી દેશ-દુનિયામાં ખ્યાતિપ્રાપ્ત રાષ્ટ્રસંત મુનિશ્રી તરૂણસાગરજી મહારાજ આગામી તા. ૨૦મી જૂનના રોજ સાંજે ૫.૩૦ કલાકે ગાંધીનગર પધારી રહ્યા છે. સેક્ટર-૩૦ના વનચેતના કેન્દ્રના સર્કલેથી તેઓ પ્રવેશ કરશે ત્યારે જૈન સાધુસંતો અને શ્રાવકો તેમનું સ્વાગત કરશે.



સૌ પ્રથમવાર ગાંધીનગર પધારી રહેલા પ.પૂ. તરૂણ સાગરજી મહારાજ સેક્ટર-૨૧ના જૈન દિગંબર મંદિર પહોંચી આશિર્વચન આપશે.

તે પછી બીજા દિવસે ૨૧મી જૂનના રોજ સવારે ૮.૩૦ થી ૧૦ તેમજ બપોરે ૩ થી ૪ દરમ્યાન તેમના દર્શનનો લાભ જાહેર જનતાને મળશે. સાંજે ૫ વાગે સેક્ટર-૨૧માંથી વિદાય કરશે. તેઓ અમદાવાદમાં ચાતુર્માસ માટે રોકાશે. અમદાવાદમાં તેમના કડવે પ્રવચન શ્રૃંખલાનું તા. ૨૨મી જુલાઈથી ૫મી ઓગષ્ટ સુધી આયોજન કરવામાં આવ્યું છે.

ફક્ત ૧૩ વર્ષની અલ્પઆયુમાં ગૃહત્યાગ કરી ૨૦ વર્ષની ઉંમરે દિગંબર મુની દીક્ષા ધારણ કરનાર આ ક્રાંતિકારી સંત સમાજમાં ફેલાયેલી વિષંગતતાઓ અને વિષમતાઓને પોતાના આગ ઝરતા પ્રવચનોથી દૂર કરવા કમર કસી છે. ભગવાન મહાવીરની વાણીને મંદિરોમાંથી બહાર રસ્તાઓ પર અને ચૌરાહા પર લાવીને તેમણે લોકોને કડવા પ્રવચનો દ્વારા શાંતિનું રાજ સ્થાપિત કરવાની વાત કરી છે.

આચાર્ય કુંદકુંદ પછી છેલ્લા બે હજાર વર્ષોના ઈતિહાસમાં માત્ર ૧૩ વર્ષની ઉંમરે જૈન સન્યાસ ધારણ કરવાવાળા પ્રથમ બાલયોગી છે. રાષ્ટ્રના પ્રથમ દિગંબર જૈન મુનિ કે જેમણે દિલ્હીના લાલ કિલ્લા પરથી પ્રવચન આપ્યું છે.

# સે. ૭માં ગટરલાઈનની સફાઈ દરમિયાન મેડીકલ વેસ્ટ ઉલેચાયો

## ચોકઅપ લાઈનમાંથી કોટન વેસ્ટ સહિતનો કચરો નીકળ્યો

## તંત્ર હવે તપાસ રાખી તમામ જવાબદાર સામે પગલા લેશે

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં છાશવારે ઉભરાતી ગટરલાઈનની સફાઈ કામગીરી દરમિયાન તંત્રને અનેક કડવા અનુભવો થયા છે. અગાઉ ચોકઅપ થયેલી ગટરલાઈનમાંથી વાટકીઓ અને ચમચીઓ મળી આવ્યા બાદ સે. ૭માં ગટરલાઈનમાં ઉભરાતો મેડીકલ વેસ્ટ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યો છે. કોટન વેસ્ટના લીધે પણ લાઈન ચોક અપ થતી હોવાનું ધ્યાને આવતા આ મામલે હવે તંત્ર દ્વારા યોગ્ય ચકાસણી હાથ ધરી જવાબદાર સામે પગલા લેવામાં આવશે.

શહેરના સેક્ટરોમાં છાશવારે ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. બીજી તરફ સફાઈ કામગીરી દરમિયાન ચોકઅપ થયેલી લાઈનમાંથી નાના વાસણો સહિત મેડીકલ વેસ્ટ પણ નીકળતા તંત્ર માટે શિરદર્દ સમાન સ્થિતિનું નિર્માણ થયું છે. હાલ પ્રિ-મોન્સુન એક્ટીવીટીઝના ભાગરૂપે સે. ૭માં પ્રાથમિક શાળા સામેના વિસ્તારમાં ગટરલાઈનની સફાઈ દરમિયાન પાટા અને અન્ય કોટન વેસ્ટ નીકળતા તંત્રએ કોમર્શિયલ અને ખાનગી દવાખાનાના વિસ્તારમાં થતી આ પ્રમાણેની હરકત સામે કડક પગલા લેવાનો નિર્ણય કર્યો છે. ગટરલાઈનમાં દવાખાના, હોટલ અને ગેરેજના વેસ્ટથી ચોકઅપ થતુ હોવાનું અવાર-નવાર ધ્યાને આવતા આ મામલે હવે યોગ્ય તપાસ કરીને તંત્ર દ્વારા જવાબદાર સામે કડક પગલા લેવાની વિચારણા હાથ ધરવામાં ાવી છે.

# સે-૮માં સતત સાત કલાક વીજ પુરવઠો ખોરવાયો

ગાંધીનગર, તા. ૧૮

સે-૮માં આજે બપોરે કેબલ ફોલ્ટના લીધે વીજ પ્રવાહ ખોરવાતા સેકટરવાસીઓએ આકરી ગરમીમાં શેકાવાનો વારો આવ્યો હતો. અસહ્ય બફારા વચ્ચે સતત સાત કલાક સુધી વિજપ્રવાહ કટ ઓફ થઈ જતા સ્થાનિક રહીશો ગરમીથી બેહાલ બની ગયા હતા.

સે-૮માં સપ્તાહમાં બીજીવાર આજે વીજપ્રવાહ ખોરવાતા રહીશો આકરી ગરમીથી બેહાલ બન્યા હતા. અગાઉ હાથ ધરાયેલ કેબલ રીપેરીંગ બાજ આજે બપોરના અરસામાં કેબલલાઈનમાં ફોલ્ટ સર્જાતાં સે-૮ના અમુક વિસ્તારમાં વિજપ્રવાહ ખોરવાઈ ગયો હતો.




ગાંધીનગરમાં સર્કલની આજુબાજુ મોટા વાહનોના અકસ્માત વધુ થતા જાય છે.... સોમવારે ખ-૫ સર્કલ પાસે સિમેન્ટ મીક્સર પલ્ટી ખાઈ ગયું હતું. થોડા સમય માટે ટ્રાફીકમાં અવરોધ ઊભો થયો હતો.

# ખૂણે ખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં આયોજન મંડળના બાંધકામ સમિતિ હસ્તકના કામોમાં ગતિ લાવવા આજે ચેરમેન અજીતસિંહ રાઠોડે તાકીદ કરી છે. ● ગાંધીનગરના પ્રાંત અધિકારી શ્રી પ્રકાશ મકવાણાએ આજે તેમનો જન્મદિવસ સાદગીપૂર્ણ રીતે મનાવ્યો હતો. ● જિલ્લા આયોજન અધિકારીની કચેરીના શ્રી ધોળકિયાની બદલી થતાં તેમની જગ્યા પર શ્રી પ્રજાપતિની નિમણુંક થઈ છે. બંને અધિકારીઓએ તેમની નવી જગ્યા સંભાળી લીધી છે. ● ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીમાં ૧૦ નવા નાયબ મામલતદારોની નિયુકતિ થતાં તેઓ આજે હાજર થવા આવ્યા હતાં. ● મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન ૧૦ હજાર જેટલા નવા નામ દાખલ કરવાની અરજીઓ તંત્રને અત્યાર સુધીમાં મળી છે. ● ગાંધીનગરના અગ્રણી સ્વ. વિનોદ જોશીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલ પ્રાર્થના સભામાં રાજયપાલ ડો. કમલાજી ઉપરાંત રાજકીય અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. પ્રાર્થના સભામાં હાજરી આપનાર સૌને શિવ-માલા નામક સીડી ભેટ અપાઈ હતી.




## જાહેર આભાર



ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની સે. ૨૦-૩૦ની બેઠક પર બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણીમાં મને વિજયી બનાવવા બદલ સર્વે સભાસદો, વસાહતીઓ, સાથી વેપારીમિત્રો, શુભેચ્છકો, સર્વેનો હું આ ક્ષણે જાહેર આભાર માનું છું અને મને સાથ - સહકાર આપનાર સર્વેનો આભારી રહીશ.

લી.

**નિલેશ આર. પટેલ**

(ઉર્ફે રાજુભાઈ પટેલ)

અંબિકા ટાયર્સ, સેક્ટર-૨૧, ગાંધીનગર

## જાહેર આભાર



ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની સેક્ટર-૨૪ની બેઠક પર બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણીમાં મને જંગી બહુમતીથી વિજયી બનાવવા બદલ સર્વે સભાસદ ભાઈ-બહેનો તથા મિત્રો, શુભેચ્છકો, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપવા બદલ આપ સર્વેનો આભાર માનું છું. આપ સર્વેએ મારામાં મુકેલ વિશ્વાસને પરિપૂર્ણ કરવાની અંતઃકરણપૂર્વક ખાતરી આપું છું.

લી.

**રાજેશ સીતારામ પંચોલી**

ડિરેક્ટર : ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લી., ગાંધીનગર

મો. : ૯૪૨૬૦ ૦૩૫૩૬




## જાહેર આભાર



ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લી. ગાંધીનગરની સેક્ટર-૩ અને ૬ની સભ્યની તા. ૧૭-૬-૨૦૧૨ના રોજ યોજાયેલ ચૂંટણીમાં સેક્ટર-૩ અને ૬ના સભાસદો, કાર્યકરો, વસાહતીઓ, અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓના આગેવાનો, જુદા જુદા સમાજ / જ્ઞાતિના આગેવાનો, રાયસણ કોલવડા ગામના વડીલો મિત્રો તથા અન્ય નામી અનામી આગેવાન વડીલ ભાઈઓ - બહેનોનો સાથ અને સહયોગથી મારો ભવ્ય વિજય થયેલ છે તે બદલ હું આપ સર્વેનો ખૂબ ખૂબ આભાર માનું છું. અને આપનો ઋણી છું....

આપનો શુભચિંતક

**પટેલ ઈશ્વરભાઈ સોમાભાઈ**

સેક્ટર-૩એ, ગાંધીનગર. મો. : ૯૮૨૪૦ ૩૬૧૭૦

## ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

મધુર ડેરી, સેક્ટર-૨૫, "ક" રોડ, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

**ભાડેથી પાર્લર આપવા બાબત**

**ધી ટેસ્ટ ઓફ કેપિટલ**

શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પાર્લર ભાડેથી આપવાના છે માર્કેટીંગ વિભાગમાં તા. ૨૦-૬-૨૦૧૨ થી તા. ૨૩-૬-૨૦૧૨ સુધી ઓફિસના કામકાજના સમય દરમિયાન મળવું.

મો. ૯૯૦૪૮ ૦૯૭૦૫ મો. ૯૯૦૪૮ ૦૯૭૦૬

મેનેજીંગ ડિરેક્ટર

Sanghi Cement · Kisan · Vikas 500 TMT BARS - ISI · Sanghi Steel - ISI · Benelave · Fixit · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com